દિવ્ય ભાસ્કર

Date: 28 August, 2017 # 09

# 'IIT-રામ'ના કોન્વકેશનમાં 42 વિદ્યાર્થીઓને પદવી અપાઈ



સિટી રિપોર્ટર | અમદાવાદ

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્નોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM)નો શુક્રવારે પ્રથમ કોન્વકેશન યોજાયો હતો. પ્રથમ બેન્ચમાં કુલ 52 વિદ્યાર્થીઓમાંથી સિવિલ એન્જિનિયરિંગના 18 અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના 24 મળીને કુલ 42 વિદ્યાર્થીઓને પદવી અપાઈ હતી.

કોન્વકેશનમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ હાજરી આપીને વિદ્યાર્થીઓને મોટિવેશન સ્પીચ આપી હતી. વિદ્યાર્થીઓએ પરંપરાગત ખાદીના પહેરવેશનમાં સજ્જ થઈને સ્ટેજ પર આવીને પોતાના પરિશ્રમનું પરિણામ ડિગ્રી સ્વરૂપે મેળવ્યું હતું.

DAILY NEWS & ANALYSIS DNA

Date: 27 August, 2017 Page # 3

# Rupani, Solanki engage in a war of words

**DNA Correspondent**
correspondent@dnaindia.net

Chief Minister Vijay Rupani and Gujarat Congress chief Bharatsinh Solanki indulged in a war of words on Saturday.

After IITRAM's convocation ceremony in Ahmedabad, talking to media persons Rupani said, "Congress high command does not trust the Gujarat Congress chief, that they appointed four working presidents in Gujarat Congress. When their high command cannot trust their party chief, how can 6.5 crore Gujaratis trust such a leader and his party."

Reacting to this, Solanki said, "Vijay Rupani should introspect, look into his own conscience before speaking about someone else. Everyone knows he is a rubber stamp CM in Gujarat government and cannot make a single move without the concern of BJP chief Amit Shah. Rupani's glow is borrowed from the halo of Shah."

ગુજરાત સમાચાર

Date: 27 August, 2017 Page # 5

### દેશના નિર્માણમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાયારૂપ બનશે

# IIT-RAMના પ્રથમ પદવીદાન સમારોહમાં ૧૦૦ ટકા પ્લેસમેન્ટ

અમદાવાદ, શનિવાર

અમદાવાદમાં ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ એટલે કે **IIT-RAM** નો પ્રથમ પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થયું છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા સિવિલ એન્જીનિયરીંગના ૨૫ અને ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગના ૧૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી.

## સિવિલ એન્જિનિયરિંગના ૨૫ અને ઈલેક્ટ્રીકલના ૨૭ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીએ પદવી એનાયત કરી

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના આધાર ઉપર સક્ષમ-સમર્થ અને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગ્રોથ દ્વારા દેશનો વધુ વિકાસ થઈ શકશે. દેશના નિર્માણમાં પણ શોધ-સંશોધન ખૂબ જ પાયારૂપ બાબત છે.

IIT-RAM ની ભગવાન રામચંદ્રજીની કલ્પનાના રામરાજ્ય સાથે તુલના કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે, રામચંદ્રજીએ લંકા જેવા સમુદ્ર સેતુ બાંધ્યો તે તત્કાલીન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની બેશક દેન છે. હવેના સમયમાં આધુનિક તકનીકી ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી યુવા શક્તિ IIT-RAM ના માધ્યમથી સજ્જ બનશે.

ઈસરોનાં અમદાવાદના નિયામક તપન મિશ્રાએ કહ્યું કે, કોઈપણ દેશનો વિકાસ દેશમાં કેટલો માળખાકીય વિકાસ થયો છે તેને આધારે અંકાતો હોય છે. IIT-RAM જેવી શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી અને વિજ્ઞાનના સંશોધનો સમજાવવા માટે ઉપયોગી બની રહેશે.

નવગુજરાત સમય

Date: 26 August, 2017 Page # 5

# IITRAMના આજે પ્રથમ કોન્વોકેશનમાં CM હાજરી આપશે

નવગુજરાત સમય > અમદાવાદ

ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્નોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (IITRAM)નો આવતીકાલે પ્રથમ કોન્વોકેશન એટલે કે પદવીદાન સમારંભ યોજાશે. આ સમારંભમાં ચીફ ગેસ્ટ તરીકે મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપસ્થિત રહેશે. જ્યારે અતિથિ વિશેષ તરીકે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને સ્પે એપ્લિકેશન સેન્ટરના ડિરેક્ટર તપન મિશ્રા પણ હાજર રહેશે. વિશેષ અતિથિ તરીકે હાયર એન્ડ ટેકનિકલ એજ્યુકેશન મંત્રી જયદ્રથસિંહ પરમાર ઉપસ્થિત રહેશે. સંસ્થાના બોર્ડના ચેરમેન સુધીર મહેતા સહિતના સભ્યો પણ પ્રથમ પદવીદાનમાં હાજરી આપશે. આ સમારંભમાં સિવિલ અને ઇલેક્ટ્રિક બ્રાન્ચના ૫૨ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશે. જે પૈકી ૪૦ વિદ્યાર્થીઓ સમારંભમાં હાજર રહેશે. વર્ષ ૨૦૧૩માં સિવિલ અને ઇલેક્ટ્રિક બ્રાન્ચ શરૂ થઇ હતી. હાલ મિકેનિકલ અને પી.જી.ના કોર્સ પણ શરૂ કરાયા છે.

નવગુજરાત સમય

Date: 27 August, 2017 Page # 5

**IIT-RAMનું પ્રથમ કોન્વોકેશન:** મુખ્યમંત્રી દ્વારા બાવન છાત્રોને ડિગ્રી એનાયત

# દેશના નિર્માણમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર-સંશોધન પાયારૂપ બનશે: CM

**નવગુજરાત સમય** > અમદાવાદ



આઇઆઇટી રામમાં ડિગ્રી એનાયત કરતા વિજય રૂપાણી સાથે ભુપેન્દ્રસિંહ ચુડાસમા

ભગવાન રામચંદ્રજીએ લંકા જવા માટે સમુદ્ર સેતુ બાંધ્યો તે તત્કાલિન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દેન છે. હવે આધુનિક ટેક્નિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી યુવાશક્તિ આઈઆઈટી- રામના માધ્યમથી સજ્જ બની રહી છે તેવું આજે આઈઆઈટી રામના પ્રથમ પદવીદાન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિદ્યાર્થીઓને દિક્ષાંત પ્રવચન આપતાં કહ્યું હતું. તેમણે કહ્યું કે ભારતને વૈશ્વિક પ્રતિષ્ઠા અને ન્યૂ ઈન્ડિયા ૨૦૨૨ દ્વારા જગતગુરુ બનાવવામાં યુવાશક્તિનું ડેમોગ્રાફિક ડિવિડંડ ઉત્કૃષ્ટ પ્રદાન જરૂરી છે.

ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્નોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (આઈઆઈટી-રામ)ના આજે પ્રથમ પદવીદાન સમારંભમાં બોલતા મુખ્યમંત્રીએ કહ્યું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટથી જ ભવિષ્યમાં ભારતનો સમર્થ, સક્ષમ અને સ્થાયી ગ્રોથ શક્ય બનશે. તેમણે કહ્યું કે, હાલના વડાપ્રધાન અને તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના કાર્યકાળ દરમિયાન જ્ઞાન અને વિજ્ઞાનમાં જે શ્રેષ્ઠ છે તેને ગુજરાતમાં ઉતારવાની નેમ સાથે રક્ષાશક્તિ, ફોરેન્સિક સાયન્સ, ઓર્ગેનિક, મરીન, પેટ્રોલિયમ જેવી યુનિવર્સિટીઓની સ્થાપન કરી હતી. તેમણે ડિગ્રી મેળવતા વિદ્યાર્થીઓને કહ્યું કે સમાજ ઉપયોગી કાર્યો કરીને કારકિર્દી સાથે રાષ્ટ્રહિતને પણ અગ્રીમતા આપીને સૌના દુઃખે દુઃખીનો ભાવ કેળવવા અપીલ કરી હતી. આ પ્રસંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે દેશને આગળ લઈ જવાની કલ્પના સાથે જ આઈઆઈટી-રામની સ્થાપના કરવામાં આવી હતી.વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે આજનો યુવાન કદમ મિલાવે તેવી કલ્પના આજે સાકાર થઈ રહી છે. આઈઆઈટી રામના બોર્ડ ઓફ ગવર્નન્સના ચેરમેન સુધીર મહેતાએ કહ્યું કે પ્રથમ બેંચના વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા પ્લેસમેન્ટ મળ્યું છે તે જ સંસ્થાની સિધ્ધિ દર્શાવે છે. આ સંસ્થા ઈસરો જેવી વૈજ્ઞાનિક સંસ્થાઓ સાથે જોડાઈને વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન આપશે. ઈસરોના નિયામક તપન મિશ્રાએ વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કહ્યું કે કોઈપણ દેશનો વિકાસ દેશમાં કેટલો માળખાકીય વિકાસ થયો છે તેના આધારે કરવામાં આવે છે. આઈઆઈટી રામ જેવી શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓને ખાસ મદદરૂપ થશે. આ સમારંભમાં સિવિલ ઈજનેરીના ૨૫ અને ઈલેક્ટ્રિક એન્જિનિયરિંગની ૨૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. શ્રેષ્ઠ દેખાવ બદલ ૫ વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરાયા હતા.

સંદેશ

Date: 27 August, 2017 Page # 2

### આઇઆઇટીરામ ખાતે યોજાયું કોન્વોકેશન

# શિક્ષા અને દીક્ષા ગુરુપાસેથી મળે છે : તપન મિશ્રા



અમદાવાદ : આઈઆઈટીરામ ખાતે તેના પહેલા કોન્વોકેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિક્ષાંત પ્રવચનમાં ઈસરો અમદાવાદના ડાયરેક્ટર તપન મિશ્રાએ જણાવ્યું હતું કે, શિક્ષા અને દિક્ષા ગુરુ પાસેથી મળે છે. આઝના સ્ટુડન્ટ્સને પોતાના પ્રોફેસરો પાસેથી મળે છે. હું સ્ટુડન્ટ્સને સલાહ આપું છું કે જ્યારે પણ તમે કોઈપણ મેટરમાં થોડા પણ કન્ફ્યુઝ હોવ ત્યારે તમારા મનનું સાંભળજો. કારણ કે ત્યાંથી જ તમને એક રસ્તો દેખાશે. માટે કન્ફ્યુઝનમાં હંમેશા શાંત ચિત્તે વિચારો કે તમારે ક્યાં રસ્તે જવું છે. આ કોન્વોકેશનમાં ઈલેક્ટ્રીકલ અને સિવિલ બી.ટેકમાં ૫૨ સ્ટુડન્ટ્સને ડિગ્રી આપવામાં આવી હતી. સાથે જ પાંચ રિસર્ચ પ્રોગ્રામ વિશે પણ વાત કરવામાં આવી હતી.

સંદેશ Sun, 27 August 2017
epaper.sandesh.com//c/2167

THE TIMES OF INDIA

Date: 27 August, 2017 Page # 4

# 52 get degrees at IITRAM convocation

TIMES NEWS NETWORK

**Ahmedabad:** A total of 52 students were awarded degrees at the first convocation of the Institute of Infrastructure Technology Research and Management (IITRAM) held here on Saturday.

Among those who received the degrees, 25 were of civil engineering and 27 of electrical engineering streams. Five students were awarded medals on the occasion.

Torrent Group chief and chairman of IITRAM board, Sudhir Mehta, said that all the graduates have been placed. Speaking on the occasion, chief minister Vijay Rupani said that youths engaged in research and development (R&D) will help the mission of New India by 2022. He asked the students to apply their education and knowledge in nation building.

Isro-Ahmedabad director Tapan Mishra said that infrastructure indicates a nation's state of development as he wished the IITRAM students would combine science and technology to apply in the field of infrastructure development.